## 1. સમાજશાસ્ત્રના ઉદ્દભવ પૂર્વે વ્યક્ત થયેલું સમાજ અંગેનું ચિંતન સંક્ષેપમાં જણાવો.

- સમાજશાસ્ત્રનો એક સ્વતંત્ર વિજ્ઞાન તરીકેનો ઉદ્ભવ 19મી સદીના પૂર્વાર્ધમાં થયો હતો. સમાજશાસ્ત્રના ઉદ્ભવ પૂર્વે સમાજના અભ્યાસની શરૂઆત ગ્રીક ચિંતક પ્લેટો (ઈ. સ. પૂર્વે 423થી 347) અને એરિસ્ટોટલ(ઈ. સ. પૂર્વે 384થી 322)નાં લખાણોથી થઈ હતી.
- પ્લેટો અને એરિસ્ટોટલના મત મુજબ, સમાજ એક સુગ્રથિત વ્યવસ્થા છે અને તે સામાજિક અસમાનતા અને શ્રમવિભાજન પર આધારિત છે.ઈન ખાલ્દુને (ઈ. સ. 1332 1406) આરબ જગતની ભટકતી ટોળીઓ અને સ્થાયી ટોળીઓના અભ્યાસની તુલના કરી માનવ ઇતિહાસને ઉત્ક્રાંતિની પ્રક્રિયા તરીકે ઓળખાવી હતી અને સામાજિક પરિવર્તનનો ખ્યાલ રજૂ કર્યો હતો.
- આ ઉપરાંત થોમસ હૉબ્સ, જહૉન લોક, વિકો, મોજોક્યુ, રૂસો, સેંટ સીમોન વગેરે વિદ્વાનોએ માનવસમાજ અને સામાજિક વ્યવસ્થા અંગે પોતાના અભ્યાસો રજૂ કર્યા હતા,

## 2. સમાજશાસ્ત્રના ઉદ્દભવ પાછળ યુરોપમાં 19મી સદીમાં થયેલી ઐતિહાસિક ઘટનાઓ અને પ્રક્રિયાઓનો શો ફાળો છે?

- યુરોપનો નવજાગૃતિનો યુગ,ઇંગ્લેન્ડમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિ તથા ફ્રાન્સની રાજ્ય ક્રાંતિને કારણે તે પ્રદેશોના સમાજોમાં અનેકવિધ સામાજિક અને આર્થિક પરિવર્તનો આવ્યાં. આ પરિવર્તનોને કારણે સમાજમાં અનેક પ્રશ્નો અને સમસ્યાઓ ઊભા થયા.
- આ પ્રશ્નો તથા સમસ્યાઓને પરંપરાગત ધાર્મિક કે તત્ત્વજ્ઞાનીય જ્ઞાન ઉકેલી શક્યું નહિ, કારખાના પદ્ધતિને કારણે નવા ઊભા થયેલા શ્રમજીવી વર્ગના શોષણના પ્રશ્નો ઉદ્દભવ્યા. ફ્રાન્સની રાજ્યક્રાંતિને કારણે પરંપરાગત રાજાશાહી જેવી રાજકીય સંસ્થાના પાયા હચમચી ગયા.
- વૈજ્ઞાનિક શોધખોળો અને નવા દરિયાઈ માર્ગોની શોધને પરિણામે વિશ્વના સમાજો વચ્ચેનું અંતર ઘટી ગયું. આ પરિબળોને કારણે સમાજજીવનનો વસ્તુલક્ષી અને વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી અભ્યાસ થાય તે આવશ્યક અને અનિવાર્ય બન્યું. આમ, સમાજશાસ્ત્રના ઉદ્દભવ પાછળ યુરોપમાં 19મી સદીમાં થયેલી ઐતિહાસિક ઘટનાઓ અને પ્રક્રિયાઓનો ફાળો છે.

## 3. ઈમાઇલ દુર્ખિમે ‘સામાજિક તથ્યો’નો શો ખ્યાલ આપ્યો?

- ઈમાઇલ દુર્ખિમે જણાવ્યું કે સામાજિક તથ્યો, રિવાજો અને પરંપરાઓ એ સામૂહિક જીવનની પેદાશ છે. લોકરીતિઓ, રૂઢિઓ વગેરે સામાજિક તથ્યો છે. આ ‘સામાજિક તથ્યો’ વ્યક્તિઓની બહાર, તેમનાથી અલગ એક આગવું અસ્તિત્વ ધરાવે છે અને બહાર રહીને વ્યક્તિઓને ચોક્કસ રીતે વર્તન કરવાની ફરજ પાડે છે તેમજ તેમના વર્તનનું નિયંત્રણ પણ કરે છે. આથી ઈમાઇલ દુર્ખિમે ‘સામાજિક તથ્યો’નો ખ્યાલ આપ્યો.

## 4. ઑગસ્ટ કાંત ‘સમાજશાસ્ત્રના પિતા’ કેમ ગણાય છે ?

- ફ્રાન્સના વિદ્વાન દાર્શનિક ઑગસ્ટ કાંતે સૌપ્રથમ વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી સમાજને વસ્તુલક્ષી રીતે સમજવાનો પ્રયત્ન કર્યો. તેમને લાગ્યું કે કુદરતી ઘટનાઓની જેમ સમાજમાં બનતી ઘટનાઓનો પણ વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થઈ શકે છે. તેમણે 'Positive Philosophy’ (‘પૉઝિટિવ ફિલૉસફી’) નામની ગ્રંથશ્રેણીમાં સમાજના વૈજ્ઞાનિક

અભ્યાસ અંગેના વિવિધ સિદ્ધાંતો રજૂ કર્યા અને તેને 'સામાજિક ભૌતિકશાસ્ત્ર' નામ આપ્યું. આ શીર્ષક તેમને બંધબેસતું ન લાગતાં ઈ. સ. 1839માં તેને 'સમાજ શાસ્ત્ર' નામ આપ્યું. આથી ઑગસ્ટ કાંત 'સમાજશાસ્ત્રના પિતા' ગણાય છે.

### 5. હર્બર્ટ સ્પેન્સર(1820 -1903)નું સમાજશાસ્ત્રી તરીકે મૂલ્યાંકન કરો.

- હર્બર્ટ સ્પેન્સરનો જન્મ ઈ. સ. 1920માં ઈંગ્લેન્ડમાં થયો હતો. તેમણે ઈ. સ. 1873માં 'The Study of Sociology' અને ઈ. સ. 1876માં 'The Principles of Sociology' પુસ્તકો લખ્યાં હતાં.
- આ પુસ્તકોમાં તેમણે સમાજના વિકાસની પ્રક્રિયા સમજાવવા માટે 'સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત' રજૂ ક્ર્યો હતો. હર્બર્ટ સ્પેન્સરે સમાજની તુલના એક જીવંત પ્રાણી તરીકે કરી હતી તેમના મત અનુસાર જેમ શરીર જુદા જુદા ભાગોનું બનેલું તેમ સમાજ પણ જુદા જુદા ભાગોનો બનેલો છે.
- જો સમાજને જીવંત રાખવો હોય, તો તેના દરેક ભાગોએ મળીને કાર્ય કરવું જોઈએ. આ સિદ્ધાંતમાં તેમણે પ્રાણીઓની જેમ સમાજની પણ ઉત્ક્રાંતિ છે એ બાબત રજૂ કરી હતી. ગુજરાતના ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માએ સ્પેન્સરના નિધન બાદ 'હર્બર્ટ સ્પેન્સર ઈન્ડિયન ફેલોશિપ' જાહેર કરી હતી.

### 6. મૂડીવાદી સમાજવ્યવસ્થાના ટીકાકાર કાર્લ માર્કસ વિશે નોંધ લખો.

- કાર્લ માર્ક્સ(1818-1883)નો જન્મ જર્મનીના ટિએર નગરમાં 5 મે, 1818ના રોજ થયો હતો. કાર્લ માર્કસ સમાજ શાસ્ત્રમાં સંઘર્ષવાદી અને સમાજવાદી વિચારશાખાના પ્રણેતા છે. તેમના મત મુજબ ઐતિહાસિક ઘટનાઓ પર આર્થિક પરિસ્થિતિઓનો પ્રભાવ હોય છે.
- 'દાસ કેપિટલ' નામના જગપ્રસિદ્ધ ગ્રંથની રચના દ્વારા તેઓ વિશ્વના ઉદ્દામવાદી ચિંતક તરીકે ઓળખાયા. તેમણે સમાજની રચના અને ઘડતરમાં આર્થિક ઉત્પાદનનાં પરિબળોને મહત્ત્વ આપ્યું. તેમણે જણાવ્યું કે માનવસમાજના ઈતિહાસમાં ઉત્પાદનનાં પરિબળો વર્ગોની રચના કરે છે.
- ગુલામ યુગ, સામંતશાહી યુગ અને આધુનિક મૂડીવાદી સમાજમાં હંમેશાં બે જ વર્ગોનું અસ્તિત્વ રહ્યું છે : (1) માલિક વર્ગ અને (2) શ્રમજીવી વર્ગ. માલિક પાસે ઉત્પાદનનાં સાધનોની માલિકી છે, જ્યારે શ્રમજીવી પાસે શ્રમ છે. મૂડીવાદી સમાજમાં શ્રમજીવી નોકર છે અને તે મૂડીપતિઓને પોતાનો શ્રમ વેચે છે. માલિક શ્રમ ખરીદે છે અને તેનો મહત્તમ ઉપયોગ કરે છે, આથી શ્રમજીવીઓનું શોષણ થાય છે. પરિણામે આ બંને વગ વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરે છે. તેઓ 'Communist Manifesto'માં જણાવે છે કે, "માનવસમાજનો આજ સુધીનો ઈતિહાસ વર્ગસંઘર્ષનો ઈતિહાસ છે." તેમણે દુનિયાના તમામ શ્રમજીવીઓને 'શોષિત વર્ગ' તરીકે સંગઠિત થઈ મૂડીવાદી સમાજવ્યવસ્થાને દૂર કરી વર્ગવિહીન સમાજવ્યવસ્થા સ્થાપવાનું કહ્યું હતું. કાર્લ માસના વિચારો સમાજશાસ્ત્ર ઉપરાંત અર્થશાસ્ત્ર , રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન જેવાં સામાજિક વિજ્ઞાનોમાં પણ મહત્ત્વના રહ્યા છે.

### 7. સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપો.

- કિમ્બોલ યંગ સમાજશાસ્ત્રની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : "સમાજશાસ્ત્ર સમૂહમાં માનવીના વર્તનનો અભ્યાસ કરે છે." યંગ અને મેકના મત પ્રમાણે, 'સમાજશાસ્ત્ર' માનવજીવનનાં સામાજિક પાસાઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરે છે. એચ. એમ. જહોન્સનના મત પ્રમાણે, સમાજશાસ્ત્ર સામાજિક જૂથો, તેનાં આંતરિક સ્વરૂપ

અથવા સંસ્થાના વિવિધ પ્રકારો, તેને ટકાવી રાખતી અને પરિવર્તન લાવતી પ્રક્રિયાઓ અને જૂથો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરે છે.

- ડૉ. વિદ્યુત જોષીના અભ્યાસ મુજબ, સમાજશાસ્ત્ર માનવીના સામાજિક વ્યવહારનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. તે વ્યક્તિગત અને સામૂહિક આંતરક્રિયાની પ્રક્રિયાઓ, સામાજિક સમૂહ કે સંગઠનનાં સ્વરૂપ, પ્રકાર, પારસ્પરિક સંબંધો અને વ્યક્તિગત વ્યવહાર પર સામૂહિક વ્યવહારની અસરનો અભ્યાસ કરે છે.’